Extra No. 155

REGISTERED NO. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

**Vol. LV]** **TUESDAY, DECEMBER 23, 2014/PAUSA 2, 1936**

**Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.**

## PART IV-A

**Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by the Government of Gujarat under the Central Acts.**

### PORTS AND TRANSPORT DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 23rd December, 2014.

**CONSTITUTION OF INDIA.**

No. PT/25/2014/MVD/1081/4615/KH:- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to post of Assistant Regional Transport Officer/Assistant Director of Transport, Class II, in the General State Service under the Motor Vehicle Department, namely:-

1. These rules may be called the Assistant Regional Transport Officer/ Assistant Director of Transport, Class II, Recruitment Rules, 2014.

2. Appointment to the post of the Assistant Regional Transport Officer/ Assistant Director of Transport, Class II in the General State Service under the Motor Vehicle Department shall be made, either;-

   (a) by promotion of a person of proved merit and efficiency from amongst the persons who,

   (i) have worked for not less than five years in the cadre of Inspector of Motor Vehicles, Class II, in the General State Service under the Motor Vehicle Department,

   (ii) have passed the prescribed departmental examination; and

   (iii) have passed the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006:

   Provided that where the appointing authority is satisfied that a person having the experience specified in sub-clause (i) above is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period, it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two-thirds of the period specified in sub-clause (i) above; or

   (b) by direct selection.

3. The appointment by promotion and by direct selection shall be made in the ratio of 2:1.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall, –

(a) not be more than 30 years of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

(b) Possess-

(i) a bachelor's degree with first class with minimum 65% of marks in Mechanical Engineering or Automobile Engineering obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as university under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognised as such by the Government;

(ii) basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

(iii) a valid light motor vehicle driving license at the time of appointment;

(iv) the minimum requisite standard of physique as specified in Appendix appended to these rules;

(v) adequate knowledge of Gujarati or Hindi or both.

(c) not be colour blind and must have good vision with or without glasses

5. The candidate appointed by direct selection shall be on probation for a period of two years.

6. The candidate appointed by direct selection shall, during his probation period, be required to undergo pre-service training and pass the post-training examination in accordance with the provisions of the Gazetted Officer's (Pre-service Training and Examination) Rules, 1970.

7. The candidate appointed by direct selection shall, during his probation period, be required to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

8. The candidate appointed by direct selection shall be required to pass the departmental examination and an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

9. The candidate appointed by direct selection shall, during the probation period, obtain driving licenses of heavy goods vehicles or heavy passenger motor vehicles.

10. The candidate appointed either by direct selection or by promotion shall have to undergo such training and pass such examination as may be prescribed by the Government.

11. The candidate appointed by direct selection shall be required to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

## Appendix

**(See rule 4(b)(iv))**

Minimum Physical Standards for the post of Assistant Regional Transport Officer/Assistant Director of Transport, Class II.

Norms to be taken into consideration by the Medical Officer.

Physical Standards :

(i)-A All Male candidates should be physically fit as per standards for different classes of persons as specified below:

| Class | Height | Chest (minimum)* | | Weight |
|---|---|---|---|---|
| | | Deflated | Inflated. | |
| Scheduled Tribes of Gujarat origin | 158 Centimeters. | 79 Centimeters. | 84 Centimeters. | 50 Kilogram. |
| Candidate (Except Scheduled Tribes of Gujarat Origin). | 162 Centimeters. | 79 Centimeters. | 84 Centimeters. | 50 Kilogram. |

* Minimum expansion of chest when inflated shall not be less than 5 Centimeters

B. All Female candidates should be physically fit as per standards for different classes of persons as specified below.

| Class | Height | Weight |
|---|---|---|
| Scheduled Tribes of Gujarat origin | 155 centimeters. | 45 kilogram. |
| Candidate (Except Scheduled Tribes of Gujarat Origin). | 158 centimeters. | 45 kilogram. |

(ii) Candidates who have got any one or more of the following physical defects shall be considered physically unfit.

Knock kneed, Pigeon Chest, Squint Eye, Flat Feet, Varicose Veins, Hammer Tees, Fractured Limb, Decayed Teeth, Communicable / Skin Disease.

(iii) SHAPE I Means-

S Psychological
H Hearing
A Appendage
P Physical capacity for normal work
E Eye sight
I meant fit in all respects to perform normal professional functions under each of the above mentioned heads.

(iv) be free from surgical deformities like knock-knees, flat-foot and should not have a past history of fits or psychiatric ailments Vericosevein, etc.

By order and in the name of the Governor of Gujarat.

**A. M. TRIVEDI,**
Deputy Secretary to Government.

---

Government Central Press, Gandhinagar.

kale

**Notification**

**Regarding**

**The Assistant Regional Transport Officer / Assistant Director of Transport, Class II, Recruitment Rules, 2014.**

**મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી/મદદનીશ વાહનવ્યવહાર નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ સંબંધી**

**જાહેરનામું.**

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૩મી ડિસેમ્બર, ૨૦૧૪.

ભારતનું સંવિધાન

ક્રમાંકઃપીટી/૨૫/૨૦૧૪/એમવીડી/૧૦૮૧/૪૬૧૫/ખઃ-ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, મોટર વાહન વિભાગ હેઠળની ગુજરાત રાજય સેવામાં, મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી/મદદનીશ વાહનવ્યવહાર નિયામક, વર્ગ ૨-ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી/મદદનીશ વાહનવ્યવહાર નિયામક, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૧૪ કહેવાશે.

૨. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી/મદદનીશ વાહનવ્યવહાર નિયામક, વર્ગ ૨-ની જગા ઉપરની નિમણૂક,- જેણે

(ક) (૧) મોટર વાહન વિભાગ હેઠળની ગુજરાત રાજય સેવામાં, મોટર વાહન નિરીક્ષક, વર્ગ ૨-ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કરેલું હોય;

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરેલી હોય; અને

(૩) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તેનાથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતની બે-તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂકો, ૨:૧ના પ્રમાણમાં કરવી જોઇશે.

૪. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર, અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇપણમાંથી અથવા તે તરીકે

માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઇપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી મિકેનિકલ એન્જિનિયરીંગ અથવા ઓટોમોબાઇલ એન્જિનિયરીંગમાં ઓછામાં ઓછા ૬૫% ગુણ સાથેની પ્રથમ વર્ગની સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઇશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇશે;

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે;

(3) નિમણૂકની તારીખે (નિમણૂકના સમયે), હળવા મોટર વાહન માટેનું માન્ય ડ્રાઇવિંગ લાઇસન્સ ધરાવતો હોવો જોઇશે;

(૪) આ નિયમો સાથે જોડેલા પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે શરીરના બાંધાનું લઘુત્તમ આવશ્યક ધોરણ ધરાવતો હોવો જોઇશે;

(૫) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

(ગ) રંગ અંધત્વ ન હોવું જોઇશે અને ચશ્મા સહિત અથવા તે (ચશ્મા) વિના સ્પષ્ટ દ્રષ્ટિ હોવી જ જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત માટે અજમાયશ ઉપર રહેવું જોઇશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન ભારે, માલ વાહનો અથવા ભારે ઉતારુ મોટર વાહનો માટેનું ડ્રાઇવિંગ લાઈસન્સ મેળવવું જોઇશે.

૧૦. સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૧૧. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

## પરિશિષ્ટ

(જુઓ નિયમ ૪(ખ) (૪) )

મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી/મદદનીશ વાહનવ્યવહાર નિયામક, વર્ગ ૨-ની જગ્યા માટેના લઘુત્તમ શારીરિક ધોરણો.

તબીબી અધિકારીએ વિચારણામાં લેવાના માપદંડો.

શારીરિક ધોરણોઃ

(૧)– ક તમામ પુરુષ ઉમેદવારો, નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વ્યકિતઓના જુદા જુદા વર્ગો માટેના ધોરણો મુજબ શારીરિક રીતે યોગ્ય હોવા જોઇશે.-

| વર્ગ | ઊંચાઇ | છાતી (લઘુત્તમ)* | | વજન |
|---|---|---|---|---|
| | | ફુલાવ્યા વગરની | ફુલાવેલી | |
| મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિઓ. | ૧૫૮ સેન્ટિમીટર. | ૭૯ સેન્ટિમીટર. | ૮૪ સેન્ટિમીટર. | ૫૦ કિલોગ્રામ. |
| ઉમેદવાર (મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિઓ સિવાયના). | ૧૬૨ સેન્ટિમીટર. | ૭૯ સેન્ટિમીટર. | ૮૪ સેન્ટિમીટર. | ૫૦ કિલોગ્રામ. |

* છાતી ફુલાવે ત્યારે તેનો લઘુત્તમ ઘેરાવો ૫ સેન્ટિમીટરથી ઓછો હોવો જોઇશે નહિ.

ખ. તમામ સ્ત્રી ઉમેદવારો, નીચે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે વ્યક્તિઓના જુદા જુદા વર્ગો માટેના ધોરણો મુજબ શારીરિક રીતે યોગ્ય હોવા જોઇશે.-

| વર્ગ | ઊંચાઇ | વજન |
|---|---|---|
| મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિઓ. | ૧૫૫ સેન્ટિમીટર. | ૪૫ કિલોગ્રામ. |
| ઉમેદવાર (મૂળ ગુજરાતની અનુસૂચિત આદિજાતિઓ સિવાયના). | ૧૫૮ સેન્ટિમીટર. | ૪૫ કિલોગ્રામ. |

(૨) જે ઉમેદવારો નીચેની શારીરિક ખામીઓ પૈકીની કોઇ એક અથવા વધુ ખામી ધરાવતા હોય તો તેવા ઉમેદવારો શારીરિક રીતે અયોગ્ય ગણાશે.

વાંકા ઢીંચણ (નોક નીડ), પિજન ચેસ્ટ (સાંકડી આગળ ઊપસી આવેલી છાતી), બાડી (ત્રાંસી) આંખ, કમાન કે વળાંક વિનાના પગ (ફલેટ ફીટ), કાયમની અતિશય ફૂલેલી નસ (ખાસ કરીને પગમાં) (વેરિકોસ વેઇન), કાયમના નીચે વળેલા પગના અંગૂઠા (હેમર ટીઝ), અસ્થિભંગ થયેલા શરીરના અવયવો (ફ્રેકચર્ડ લિમ્બ), સડેલા દાંત, સંચારી (ચેપી)/ ચામડીનો રોગ.

(3) એસએચએપીઇ આઇ (SHAPE I) એટલે-

એસ (S) – મનોવૈજ્ઞાનિક

એચ (H)– શ્રવણ

એ (A)– સુસંઘટિત શરીરના અવયવો (એપેન્ડેજ)

પી (P) – સામાન્ય કામ માટેની શારીરિક ક્ષમતા

ઇ (E) – આંખની દ્રષ્ટિ

આઇ (I) – ઉપર જણાવેલા દરેક મથાળાના ભાગો હેઠળ સામાન્ય વ્યાવસાયિક કાર્ય કરવાના સંબંધમાં, તમામ બાબતોમાં યોગ્ય.

(૪) વાંકા ઢીચણ (નોક નીડ), કમાન કે વળાંક વિનાના પગ (ફલેટ ફીટ) જેવી શસ્ત્રક્રિયા કરવાના રોગો સંબંધી (સર્જિકલ) વિકૃતિઓમાંથી મુકત હોવો જોઇશે અને આંચકી અથવા મનોરોગ વ્યાધિ, કાયમની અતિશય ફૂલેલી નસ (ખાસ કરીને પગમાં) (વેરિકોસ વેઇન), વગેરેનો પૂર્વ-ઇતિહાસ હોવો જોઇશે નહિ.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એ. એમ. ત્રિવેદી,

સરકારના નાયબ સચિવ.